રજુ તારીખ : ૨૧/૦૪/૨૦૨૫
દાખલ તારીખ : ૨૧/૦૪/૨૦૨૫
ફેસલ તારીખ :૦૫/૦૫/૨૦૨૬
સમયગાળો : ૦૧ વર્ષ ૦૦ માસ ૧૪ દિવસ

ભાણવડના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભાણવડ

રે.દિવાની મુકદમા નંબર : ૧૯/૨૦૨૫
આંક :

વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
મારફતે :- નાયબ ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
વેરાડ સબ ડીવીઝન, મું.ત્રણ પાટીયા,
તા.ભાણવડ, જી.દેવભુમિ દ્વારકા.

વિરૂધ્ધ

પ્રતિવાદી: ગુજરનાર અરજણભાઈ કેશાભાઈનાં વારસો,
(૧) ભીનીબેન અરજણભાઈ બરાઈ,
ઉ.વ.આ.પુખ્ત,
(૨) નથુભાઈ અરજણભાઈ બરાઈ,
ઉ.વ.આ.પુખ્ત,
(૩) વિજયભાઈ અરજણભાઈ બરાઈ,
ઉ.વ.આ.પુખ્ત,
બધા રે.શેઢાખાઈ, તા.ભાણવડ, જી.દેવભુમી-દવારકા.

દાવો : વિજ વપરાશની લેણી રકમ રૂા.૧,૧૪,૫૨૬-૫૩ પૈસા વસુલ મળવા બાબત...

.......................................................................................................

વાદી તરફે વિ.વ.શ્રી : એમ.ટી.નાણાવટી
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી : એકતરફી

.......................................................................................................

## જ જ મે ન્ટ

(૧) આ કામના વાદી કાયદાથી રચાયેલ સંસ્થા છે અને પોતાના નિયમો ઘડી પશ્ચિમ ગુજરાતમાં વીજળી વિસ્તરણ અને વિતરણની સેવાઓ આપે છે. વાદી સંસ્થા વિજળી બીલ માટે

ચોકકસ ટેરીફ (ભાવ) ધરાવે છે અને કાયદેસરના ગ્રાહકો જે વીજળી વાપરે તે વિજ પ્રવાહ એનર્જી મીટરમાં થઈને જે તે ગ્રાહકના વપરાશમાં જાય છે. હાલના પ્રતિવાદીના ગુજરનાર પિતા અરજણભાઈ કેશાભાાઈ વાદીનાં ગ્રાહક હતા અને ગ્રાહક નં.૮૯૮૧૪/૦૦૦૩૯/૬ થી રહેણાંક હેતુ માટે વિજ જોડાણ ધરાવતા હતા. આ કામના પ્રતિવાદીઓ ભાણવડ તાલુકના શેઢાખાઈ ગામનાં રહીશ છે અને શેઢાખાઈ ગામે માલીકીનું રહેણાંક મકાન ધરાવે છે. આ કામના પ્રતિવાદીઓએ પોતાના રહેણાંક મકાન ઉપર પાવર ચોરી કરી વિજ વપરાશ કરેલો.

(૨) આ કામના વાદી સંસ્થાના અધિકારી તા.૨૦/૦૫/૨૦૨૩ ના રોજ ચેકીંગમાં હતા ત્યારે પ્રતિવાદીના મકાનમાં વાદી કંપનીનું વિજ જોડાણ હયાત હતુ. પ્રતિવાદીઓએ ૧૧ કે.વી. જોગરા જયોતિગ્રામનાં ફિડરમાં પોતાના ઘર વપરાશની સર્વિસ લાઈનનાં કેબલને બ્રેક કરી કેબલમાં સાંધો કરેલ અને કેબલમાં સાંધો કરી વધારાનો ૧૨ મીટર વાયર ટેપ કરી તેના બીજા છેડાને મીટર બાયપાસ કરી ફયુઝ સાઈડમાં જોડેલ અને સર્વિસ ટેપ કરી પોતાના ઘરમાં આવતી સત્તાવાર વીજ લાઈનની મેઈન સ્વીચ ઓફ કરી મીટર બાયપાર કરી અને પાવર ચોરી કરતા પકડાયેલ. પ્રતિવાદીઓ પોતાના મકાનમાં પંખા-૪, ટી.વી.-૧, એલ.ઈ.ડી.-૮, ફ્રીઝ-૧, એ.સી.-૧, પાણીની મોટર-૧ મળી કુલ ૨૪૫૧ વોટ વિજ ચોરી કરતા પકડાયેલ. રહેણાંક મકાન ઉપર પ્રતિવાદીનાં પ્રતિનીધિ હાજર હતા. વાદીનાં અધિકારીએ સ્થળ ઉપરથી પીળા રંગન ૧૨ મીટર જેટલો ખાનગી કેબલ વાયર અને મીટર તથા પી.જી.વી.સી.એલ.ની ટેપીંગ સાથે મેઈન સર્વિસનો ૩૦ મીટર કબજે લીધેલ. વાદીનાં અધિકારીએ પાવર ચોરી પકડી સ્થળ ઉપર તપાસણી અહેવાલ તથા રોજકામ તૈયાર કરેલ જેમાં સ્થળ પર હાજર પ્રતિવાદીએ સહી કરવાનો ઈન્કાર કરેલ. પ્રતિવાદીએ ચોરી કરીને વાપરેલ વિજળીનો ધારા ધોરણ મુજબ હિસાબ કરી પ્રતિવાદીને પાવર ચોરી બદલ વિજ વપરશાનું બીલ આપવામાં આવેલ હતું જે વીજ બીલ ભરપાઈ કરેલ નહી. પાવર ચોરી અંગેની રકમ ન ભરતા પ્રતિવાદીને તા.૨૭/૦૬/૨૦૨૩ નાં રોજ લીગલ નોટીસ આપેલી. બાદ કલમ-૩૪૫ ની નોટીસ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ આપેલ. ત્યારબાદ પણ પ્રતિવાદીઓ દવારા લેણી રકમ ભરપાઈ ન કરતા વાદીએ પોતાન વકીલ મારફત તા.૦૨/૦૯/૨૦૨૩ ની નાણાં ભરી જવા અંતિમ તાકીદ કરતી નોટીસ કરેલ. જે નોટિસ તેઓને મળી ગયેલ હોવા છતાં તેઓએ કોઈ જ જવાબ આપેલ નથી. આમ, આ કામના પ્રતિવાદીઓ સામે તેઓને કાયદેસરની લેણી રકમ બાકી પડે છે. જે રકમ વસુલાત ન આપતા હાલનો દાવો કરવાની તેઓને ફરજ પડી હોવાની હકીકત જણાવી તેઓએ તેમના દાવા અરજીના પેરા નં. ૧૨ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીઓને દાવાના સમન્સની ધોરણસર બજવણી થવા છતાં પ્રતિવાદીઓ હાજર રહેલ ન હોય, સબબ આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ આંક ૧ લગત એકતર્ફી કામ આગળ ચલાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આધારે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| SR.NO | ISSUES |
|---|---|
| 1. | શું વાદી પુરવાર કરે છે કે, આ કામના વાદીનાં અધિકારી તથા સ્ટાફ તા.૨૦/૦૫/૨૦૨૩ ના રોજ પાવર ચોરી ચેકીંગમાં હતા ત્યારે પ્રતિવાદીએ ૧૧ કે.વી. જોગરા જયોતિગ્રામનાં ફિડરમાં પોતાના ઘર વપરાશની સર્વિસ લાઈનનાં કેબલને બ્રેક કરી કેબલમાં સાંધો કરેલ અને કેબલમાં સાંધો કરી વધારાનો ૧૨ મીટર વાયર ટેપ કરી તેના બીજા છેડાને મીટર બાયપાસ કરી ફયુઝ સાઈડમાં જોડેલ અને સર્વીસ ટેપ કરી પોતાના ઘરમાં આવતી સત્તાવાર વીજ લાઈનની મેઈન સ્વીચ ઓફ કરી મીટર બાયપાસ કરી પાવર ચોરી કરતા પકડાયેલ હતા ? |
| 2. | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી ચેકીંગ સમયે પંખા–૪, ટી.વી.–૧, એલ.ઈ.ડી.–૮, ફ્રીઝ–૧, એ.સી.–૧ પાણીની મોટર–૧ મળીને કુલ ૨૪૫૧ વોટ વીજળી વાપરતા પકડાયેલ હતા ? |
| 3 | શું વાદી પુરવાર કરે છે કે, વાદી કંપની દવારા પ્રતિવાદીએ ચોરી કરીને વાપરેલ વીજળીનો ધારા ધોરણ મુજબનો હિસાબ કરી પ્રતિવાદીને પાવર ચોરી બદલ વીજ વપરાશનાં રૂા.૮૩,૬૮૭–૭૧ પૈસાનુ બીલ આપેલ હતુ ? જે બીલ ભરવામાં પ્ર તિવાદીએ કસુર કરેલ હતી ? |
| 4 | શું વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર છે ? |
| 5 | શું વાદી તેઓની દાવા અરજીના પેરા નં.૧૨ માં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| 6 | શું હુકમ અને હુકમનામું ? |

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી તથા લેખિત જવાબ સાથે ધ્યાને લેતા ઉપરોકત મુદદાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

| SR.NO. | FINDINGS |
|---|---|
| 1. | હકારમાં |
| 2. | હકારમાં |
| 3. | હકારમાં |
| 4 | અંશત: હકારમા, ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત |

| | |
|---|---|
| 5. | અંશત: હકારમાં |
| 6. | આખરી હુકમ મુજબ |

(૬) દાવાના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

(અ) વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | વાદી સાહેદ નાયબ ઈજનેર હરીશભાઈ મોહનભાઈ જોષીનું પુરાવાનુ સોગંદનામું | ૧૧ |
| ૨. | વાદીના સાહેદ રમેશકુમાર ગણેશભાઈ ચૌધરીનું પુરાવાનુ સોગંદનામું | ૩૯ |
| ૩. | દાવો દાખલ કરવાની પરવાનગીનો પત્ર | ૧૪ |
| ૪. | દાવો દાખલ કરવાની પરવાનગી | ૧૫ |
| ૫. | એફ.આઈ.આર.નો જાવક | ૧૬ |
| ૬. | એફ.આઈ.આર. | ૧૭ |
| ૭. | તપાસણી અહેવાલ | ૧૮ |
| ૮. | રોજકામ તથા ફોટોગ્રાફ્સ | ૧૯ |
| ૯. | એનેક્ષર–૪ | ૨૦ |
| ૧૦. | ગેઈટ પાસ | ૨૧ |
| ૧૧. | ગણતરી પત્રક | ૨૨ |
| ૧૨. | લેઝર | ૨૩ |
| ૧૩. | વીજચોરીનું બીલ | ૨૪ |
| ૧૪. | કમ્પાઉન્ડીંગ ચાર્જનું બીલ | ૨૫ |
| ૧૫. | પુરવણી બીલનો પત્ર | ૨૬ |
| ૧૬. | એકનોલેજમેન્ટ | ૨૭ |
| ૧૭. | લીગલ નોટીસ | ૨૮ |
| ૧૮. | એકનોલેજમેન્ટ | ૨૯ |

| | | |
|---|---|---|
| ૧૯. | લીગલ નોટીસ | ૩૦ |
| ૨૦. | એકનોલેજમેન્ટ | ૩૧ |
| ૨૧. | કલમ ૩૪૫ની નોટીસ | ૩૨ |
| ૨૨. | વકીલ મારફત નોટીસ | ૩૩ |
| ૨૩. | એ.ડી.ની પાવતી | ૩૪ |
| ૨૪. | એકનોલેજમેન્ટ | ૩૫ |
| ૨૫. | સ્થળ તપાસણી અહેવાલ | ૩૬ |
| ૨૬. | બ્રીફનોટ | ૩૭ |
| ૨૭. | પ્રફોમા–૧૨ | ૩૮ |

બાદ આ કામે આંક : ૪૦ થી વાદી તરફે કલોઝીંગ રજુ રાખવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળી. આ કામે પ્રતિવાદી તરફે કામ એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય પ્રતિવાદી હાજર રહેતા ન હોય તેઓની દલીલ સાંભળી શકાયેલ નથી.

(૭) દાવાના કામે ઘડવામાં આવેલ મુદદાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદદા નંબર : ૧ થી ૬ ની હકિકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

## :: કા ર ણો ( મુદદા નંબર : ૧ થી ૬ સબબ સંયુકત ) ::

(૭.૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીપક્ષની રહે છે. આ કામે વાદી પક્ષે તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે. જેમાં આંક–૧૧ થી વાદીપક્ષના સાહેદ દવારા આ કામે સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે તેમજ આંક–૩૯ ના સાહેદ ધ્વારા દાવાની હકીકતને સમર્થન આપેલ છે અને આ કામના પ્રતિવાદીએ ચોરી કરેલ હોય, તેવી હકીકતને સમર્થન કરેલ છે. તેમજ આંક–૩૯ વાળા સાહેદ ખુદ જ ચોરી પકડનાર હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવવામાં આવેલ છે. તેમણે કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો રજુ રાખેલ છે, તે સંજોગોમાં વાદી તરફે રજુ મૌખિક પુરાવાની સત્યતા અને દાવાની હકીકતે બનાવ બનેલાની હકિકત શંકાસ્પદ બનેલ નથી. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ હોય, વીજ ચોરી અંગેનું વીજ બીલ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ હાજર રહી તેઓનો બચાવ કરેલો નથી. જેથી તે હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૨) આ કામના વાદી ધ્વારા તેઓની દાવા અરજી તથા સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની રકમ નીકળતી રકમ રૂા.૧,૧૪,૫૨૬–૫૩ પૈસા મેળવવા માટે દાવો કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ તેઓ ધ્વારા તે જ રકમ માટે નોટિસ આપેલ હોવાની હકીકત પણ જણાવવામાં આવેલ છે. જયારે આ કામે આંક–૨૪ થી રજુ રાખવામાં આવેલ બીલ ધ્યાને લેવામાં આવે તો તેમાં બિલની રકમ રૂા.૮૩,૬૮૭–૭૧ પૈસા જણાવવામાં આવેલ છે તેમજ આંક–૨૩ વાળો પત્ર ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ બીલની રકમ રૂા.૮૩,૬૮૭–૭૧ પૈસા દર્શાવવામાં આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૮૩,૬૮૭–૭૧ પૈસા માંગતા હોવાની હકીકત પુરવાર કરી શકેલા હોય, સબબ મુદદા નંબર : ૧, ૨, ૩ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

(૭.૩) આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૬ ટકા ના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પ્રતિવાદી પાસેથી કરાર થયલ હોય તો અને તો જ તેઓ ૧૬% વ્યાજ સહીત તે રકમ વસુલાત મેળવી શકે છે. જો તે માટે કોઈ આધારની જરૂરીયાત હોય, તો અત્રેની અદાલત નામ. SYNDICATE BANK, CHENNAI V/S MOHAN BROTHERS reported in 2004 (10) SCC 549 Supreme Court held that where the contractual rate of interest is mentioned, court can grant as per the terms and condition fixed between the parties. આમ, ઉપરોકત સં જોગો ધ્યાને લેવામાં આવે તો આ કામે પક્ષકારો વચ્ચે કોઈ જ કરાર થયેલ નથી. જે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર ૧૬% વ્યાજ મેળવવા હકદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગરતો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ધ્યાને લેતા વાદી સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ ૧૬ ટકાના દરે વ્યાજ અતિશયોકિત ભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી કામચલાઉ આકારણી બીલની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સંજોગોમાં મુદદા નંબર : ૪ તથા ૫ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી મુદદા નંબર : ૬ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

રે. દિ. મુ. નંબર : ૧૯/૨૦૨૫

## :: હુ ક મ ::

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદીઓ પાસેથી રકમ રૂા.૮૩,૬૮૭–૭૧ પૈસા (અંકે રૂપિયા ત્યાંશી હજાર છસ્સો સત્યાંશી અને એકોતેર પૈસા પુરા) વાર્ષિક ૬ ટકાના દરે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીઓએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીઓએ પોતાનુ તથા વાદી સંસ્થાના દાવાનું ખર્ચ ભોગવવુ.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૦૫ મી માહે મે સને ૨૦૨૬ ના રોજ મારા સહી–સિકકા કરી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૦૫–૦૫–૨૦૨૬

(ચેતન હરેશકુમાર માંડલિયા)
મુખ્ય સીવીલ જજ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮